**રે.દિ.મુ.નં : ૨૩/૨૪.**

## –:: આંક–૫ લગત હુકમ ::–

(૧) આ કામે વાદી દ્વારા હાલનો દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે લાવવામાં આવેલ છે અને વચગાળાનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાખલ કરેલ છે. વાદીનો પ્રથમ દર્શનીય કેશ છે. દાવાની હકીકતો અને કાયદાકીય બાબતો જોતા વાદીની સદર દાવામાં જીત નકકી છે. સદર દાવો ચાલતા સમય લાગે તેમ છે. જેથી સદર દાવો ચાલતા દરમ્યાન મનાઈ હુકમ મેળવવો જરૂરી હોય સદર મનાઈ અરાજીની હકીકતોને દાવા અરજીની હકીકતો તરીકે ગણવા અરજ કરેલ છે. વાદી ઉપરોકત સરનામે રહે છે. અને ખેતી કરીને તેમના કુટુંકબનુ  જીવન નિર્વાહ ચલાવે છે. વાદીઓની ખેતીની જમીનો દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના મોજે મેથાણ ના સર્વે નં. ૪૭ વાળી જમીન તેનું ક્ષેત્રફળ ૧૦.૧૮ વાળી જમીન વાદીના વડીલ પુરૂષ કાળુભાઈ ધુળાભાઈ ભાભોરનાઓની માલીકી કબજા ભોગવટાની જમીન આવેલ છે. જેથી કાળુભાઈ ધુળાભાઈ ભાભોર ગુજરી જતા તેમના સીધી લીટીના વારસોદાર મોતીભાઈ કાળુભાઈ ભાભોર ના સીધી લીટીના વારસદારો (૧) નાથાભાઈ મોતીભાઈ ભાભોર, (૨) ચતુરીબેન મોતીભાઈ ભાભોર, (૩) સોમાભાઈ મોતીભાઈ ભાભોર, (૪) મોનાથાભાઈ મોતીભાઈ ભાભોર, (૫) વેલડીબેન મોતીભાઈ ભાભોર તથા ગુજરનાર સામજીભાઈ મોતીભાઈ ભાભોરના સીધી લીટીના વારસદારો (૧) દિનેશભાઈ સામજીભાઈ ભાભોર, (૨) શાંતાબેન સામજીભાઈ ભાભોર, (૩) વિનેશભાઈ સામજીભાઈ ભાભોર, (૪) શીતલબેન સામજીભાઈ ભાભોર, (૫) મીતલબેન સામજીભાઈ ભાભોર નાઓ સીધી લીટીના વારસદાર છે. અને વાદીઓની સંયુકત માલીકીનો મુળ સર્વે નં. ૪૭ વાળી જમીન ના માલીક અને કબજેદાર છે. અને દર સાલ ખેતી કરીને તેમનુ ગુજરાન ચલાવે છે. અને વગડે વદીઓનો માલીકી કબજો ભોગવટો, લાગ ભાગ, હકક, હિત અને ખેડ હકક

આવેલ છે. સદર કામે વાદીની સંયુકત માલીકીની ખેતીની જમીનમાં વાદીના બાપ દાદાની જાણ બહાર આ કામના પ્રતિવાદીના બાપ–દાદાએ ગઈ તા.૦૨/૦૩/૧૯૬૦ ના રોજ વેચાણની ફેરફાર નોંધ નં. ૩૧૨ તા.૧૫/૦૭/૧૯૬૦ ના રોજ પ્રમાણીત કરેલ છે. તે નોંધની હકીકત જોતા તા.૦૨/૦૩/૧૯૬૦ વેચાણ હકક થી હવજીભાઈ ભાવજીનું નામ દાખલ કર્યુ કોલમ નં. ૩ માં બતાવેલ સર્વે નં. ૪૭ એકર ગુંઠા ૧૦.૧૮ આકાર રૂા.૧૫.૬૫ ની જમીન કાળુ ધુળાના નામે ચાલે છે તે પૈકી રૂા.૪૦૦/– માં ૨.૦૦ આવેલી છે. તે અંગેની ફેરફાર નોંધ નં. ૩૧૨ પડેલ છે. તે તકરારી જમીન દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના મોજે ગામ મેથાણના સર્વે નં. ૪૭ પૈકી ૨ તેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦.૯૩.૦૮ વાળી જમીન વાદીઓની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની જમીન આવેલ છે. વાદીઓની માલીકી, કબજા ભોગવટાની જમીનમાં વાદીઓનો લાગ, ભાગ, હકક, હિસ્સો આવેલ છે. અને વાદીઓ તેમના વગડે સ્થળ ઉપર ખાસ અને પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવે છે. અને દર સાલ ખેતી કરીને ઉપજ મેળવે છે. વાદીના પેઢીનામા મુજબ વાદીની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની જમીન આવેલ હોય આ તમામ જમીનમાં આ કામના પ્રતિવાદીઓનો કોઈપણ જાતનો માલીકી, કબજો, ભોગવટો કે લાગ, ભાગ, હકક, હિસ્સો કે ખેડ હકક આવેલ નથી. વાદીની સદર ખેતીની જમીન પ્રતિવાદીઓ બળ અને જુથના જોરે તથા પોલીસના મેળાપીપણાંમાં મળી જઈને પડાવી લેવા માંગે છે. તેમ કરવા પ્રતિવાદીઓને કોઈ અધિકાર નથી. વાદીની ખેતીની જમીનમાં કબજો કરવા કે જમીન પડાવી લેવા તેમજ વાદીને ખેતી કરતા રોકવા તેમજ વાદીની મિલ્કત અન્ય કોઈને તબદીલ કરવા પ્રતિવાદીઓને હકક અધિકાર ન હોય તેમ છતાં વાદીને તેમની ખેતીની જમનીમાં અટકાવ કરવાની તથા પ્રતિવાદીઓ સંયુકત માલીકિની મિલ્કતમાં ગેરકાયદેશર પ્રવેશ કરવાની તથા જમીન ઉપર અતિક્રમણ કરીને કબજો કરવાનો તથા વાદીને ખેતી કામ કરતા અટકાવવાનો કોઈ જ હકક કે અધિકાર નથી જેથી પણ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં છે. જો વાદીના લાભમાં મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ના થઈ શકે તેવુ મોટુ નુકશાન થાય તેમ છે.

વાદીના હકક હિતના રક્ષણ માટે વાદીને માંગ્યા મુજબનો કામ ચલાઉ દરમ્યાન મનાઈ હુકમ આપવો અતિ આવશ્યક છે. તેમ જણાવી વાદીએ હાલની અરજીનું કારણ એવુ જણાવેલ છે કે, વાદીઓની માલીકી, કબજા ભોગવટાની ખેતીની જમીન દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના મોજે મેથાણના સર્વે મુળ રેવન્યુ સર્વે નં.૪૭ વાળી જેનુ ક્ષેત્રફળ એકર ગુંઠા ૧૦.૧૮ ની જમીન કાળુ ધુળાના નામે ચાલતી હતી તે મુળ સર્વે નંબરમાં આ કામના પ્રતિવાદીઓના બાપ–દાદા નામે હવજી ભાવજી પારગીનાઓએ કોઈપણ જાતના ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટ મુજબ વેચાણ દસ્તાવેજ કર્યા વગર ખોટી રીતે જમીનમાં વેચાણની નોંધ દાખલ કરાવી દીધેલ છે. જેથી દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના મોજે મેથાણ ગામના ખાતા નં. ૫૭ ના રે.સ.નં. ૪૭ પૈકી ૨ વાળી જમીનમાં ચાલે સાલે ખેતીની સીઝન હોય જેથી વાદીઓ ગઈ તા.૦૨/૦૭/૨૦૨૪ ના રોજ તેમની માલીકી કબજા ભોગવટાની જમીનમાં ખેતી કરવા તથા અનાજની વાવણી કરવા માટે ગયેલા ત્યારે સવારે ૧૧ કલાકે આ કામના પ્રતિવાદીઓ ટ્રેકટર સાથે તથા મારક હથીયારો લાકડીઓ, ધારીયા, કુહાડી જેવા હથીયારો લઈને ટ્રેકટર સાથે આવી વાદીની જમીનમાં ગેરકાયદેશર રીતે અપપ્રવેશ કરી જમીનમાં ખેડાણ કરવાની પેરવી કરીને વાદીઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને આ કામના પ્રતિવાદીઓ તેમના મળતીયા, નોકરો, એજન્ટો તથા તેમના સાગરીતો સાથે હુમલો કરેલ હોય તથા અન્ય તેમના મળતીયાઓ ભેગા મળીને વાદીની જમીનમાં ગેરકાયદેશર રીતે પ્રવેશ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને ગુનો કરેલ હોય જે બાબતે વાદીએ રણધીકપુર પોલીસ સ્ટેશનમાં તા.૦૨/૦૭/૨૦૨૪ ના રોજ ફરીયાદ/અરજી આપેલ હોય વાદીની જમીનમાં ગેરકાયદેશર પ્રવેશ કરી જમીન પડાવી લેવાની તથા ગેરકાયદેશર કબજો કરી લેવાની પેરવી કરેલ હોય જેથી ત્યારથી દાવો દાખલ કરવાનુ મનાઈ અરજીનુ કારણ ઉત્પન્ન થયેલ છે. તેમ જણાવી હાલની અરજીમાં માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદીને દાવાનો સમંસ તથા હાલની અરજીની નોટીસ બજી જતાં પ્રતિવાદીઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૫ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે જેમા મહદઅંશે વાદીની દાવા અરજીની હકીકતનો ઈન્કાર કરેલ છે અને વાદીના દાવાને ડીલે લેન્ચીસનો બાધ નડે છે. કારણ કે વાદીએ સને–૧૯૬૦ ની સાલમાં રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૩૧૨ ને સને ૨૦૨૪ માં પડકારેલ છે. આમ, ૬૪ વર્ષ બાદ હાલની કાર્યવાહી કરેલ હોય વાદીના દાવાને સમય મર્યાદાનો પણ બાધ નડે છે. વાદીએ હવજીભાઈ તથા મનજીભાઈના તમામ વારસોને પક્ષકાર બનાવેલ નથી અને તે રીતે વાદીના દાવાને પક્ષકારના બીન જોડાણનો પણ બાધ નડે છે. વાદીએ તેમના દાવા તથા મનાઈ અરજીમાં જણાવ્યા મુજબનુ કારણ હાલમાં વાદીને ઉપસ્થીત થયેલ નથી. કારણ કે નોંધ નં. ૩૧૨ થી દાવાવાળી જમીન પ્રતિવાદીઓના નામે થયેલ છે. અને તે રીતે રે.સ. નં. ૪૭ માંથી પ્રતિવાદીઓની ૭/૧૨ અલગ થઈ તેને રે.સ.નં. ૪૭ પૈકી ૨ આપવામાં આવેલ છે. જેનો ખાતા નંબર ૫૭ છે. જેનુ રેવન્યુ રેકર્ડ વંચાણે લેતા સને –૧૯૬૦ થી વાદીઓ આ વ્યવહારથી સારી રીતે વાકેફ છે. અને ત્યારબાદ વાદીઓએ સને –૧૯૯૯ માં પોતાની બાકી રહેલ જમીનમાાં ગુજરનાર મોતીભાઈ કાળુભાઈની વારસાઈ નોંધ નં. ૧૦૯૪ થી કરાવેલ છે. તે વખતે પણ વાદીઓએ સદર વારસાઈ નોંધ સર્ટીફાઈડ થતી વખતે રે.સ.નં. ૪૭ પૈકી ૨ માં તેઓના પિતા મર્હુમ મોતીભાઈ કાળુભાઈનું નામ ચાલતુ ન હોઈ તેમાં કોઈ વારસાઈ કરાવેલ નથી કે તે વારસાઈ નોંધ વખતે પણ નોંધ નં. ૩૧૨ સામે કોઈ કાર્યવાહી કરેલ નથી કે તે સામે કોઈ વાંધો તકરાર કે કોઈ કોર્ટ કાર્યવાહી કરેલ નથી એટલુ જ નહીં પરંતુ મોતીભાઈના પિતા કાળુભાઈ ધુળાભાઈ નાઓની વારસાઈ સને –૧૯૬૫ માં નોંધ નં. ૪૬૫ થી કરવામાં આવેલ છે. તે વખતે પણ તેઓ ધ્વારા કે તેઓના વારસો એટલે કે વાદી નં. ૧// થી ૧/૫ ના પિતા મોતીભાઈ ધ્વારા કોઈ તકરાર કે વાંધો લેવામાં આવેલ નથી. તે સંજોગોમાં સમગ્ર હકીકત વાદીઓની જાણમાં હોવા છતાં સમય મર્યાદામાં કોઈ કાર્યવાહી કરેલ ન હોય તે રીતે પણ સને –૧૯૯૯ થી ગણીએ તો પણ ૨૫ વર્ષ બાદ હાલનો દાવો ડેકલેરેશન

અંગેનો કરેલ છે. તે સમય મર્યાદા બહારનો છે. તેથી પણ વાદીને હાલનો દાવો કરવા કોઈ હકક અધિકાર નથી. વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબનુ કોઈ કારણ ઉપસ્થીત થયેલ નથી વધુમાં વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે. તેવી કોઈ ફરીયાદ આ કામે રજુ કરેલ નથી. તેમ જણાવી ખરી હકીકત તરીકે એવી હકીકત જણાવેલ છે કે, વાદીઓના વડવા કાળુભાઈ ધુળાભાઈ નાઓએ મુળ રે.સ. નંબર – ૪૭ જેનું ક્ષેત્રફળ ૧૫ એકર ૧૮ ગુંઠા વાળી જમીન પૈકી ૨ એકર ૨૦ ગુંઠા જમીન રૂા.૪૦૦/– માં મૌખીક રીતે પ્રતિવાદીઓના પિતા હવજીભાઈ માવજીભાઈનાઓને વેચાણ આપી જમીનનો કબજો તેઓને સુપ્રત કરવામાં આવેલ જે અંગે રેવન્યુ રેકર્ડે મૌખીક વેચાણની નોંધ નં. ૩૧૨ તા.૦૨/૦૩/૧૯૬૦ ના રોજ પાડવામાં આવેલ છે. અને તે નોંધ તા.૧ ૫/૦૭/૧૯૬૦ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. અને તે આધારે રે.સ.નં. ૪૭ પૈકી ૨ જેનું ક્ષેત્રફળ ૦.૯૩.૦૮ હે.આરે.ચો.મી વાળી જમીન પ્રતિવાદીઓની માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને ત્યારબાદ તેઓના વારસ તરીકે હાલના પ્રતિવાદીઓ તેના માલીક તથા કબજેદાર થયેલ છે. જે સામે હાલના વાદીઓ કે તેઓના વડવા હોય સદર વ્યવહારને કે વેચાણ વ્યવહારની પડેલ નોંધને સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારેલ નથી કે કદી કોઈ વાંધો તકરાર લેવામાં આવેલ નથી. પરંતું હાલમાં દાવાવાળી મિલ્કતની કિંમત વધતા માત્ર નાણાં પડાવવાના ઈરાદો ૬૪ વર્ષ બાદ હાલનો તદ્દન ખોટો દાવો તથા મનાઈ અરજી કરેલ છે. પ્રતિવાદીઓના વડવાઓ દાવાવાળી જમીન સને –૧૯૬૦ થી ખેતી કરતા આવેલ છે. અને ત્યારબાદ હાલના પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં ખેતી કરતા આવેલ છે. અને તે રીતે જો વાદીઓના જણાવ્યા મુજબ વેચાણ અંગે માત્ર કોઈ લખાણ ન હોય જો તેને કાયદેશર તબદીલી ગણવામાં ન આવે તો પણ ૬૪ વર્ષથી પ્રતિવાદીઓનો દાવાવાળી મિલ્કતનો કબજો વાદીઓની જાણમાં આવેલ છે. અને તે રીતે ૧૨ વર્ષ ઉપરાંતનો કબજો ભોગવટો હોય તો કબજા હકક રૂએ પણ પ્રતિવાદીઓ વિરૂધ્ધ કબજા હકક રૂએ મિલ્કતના માલીક ગણાય અને કહેવાય તે સંજોગોમાં પણ વાદીનો દાવો તથા મનાઈ અરજી કોઈ રીતે ચાલવા પાત્ર નથી અને માત્ર નાણા પડાવવા માટે હાલનો દાવો તથા મનાઈ અરજી કરેલ

હોય વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી પણ સમય મર્યાદાના કાયદાકીય મુદા ઉપર તેમજ હકીકત આધારે પણ રદ થવા પાત્ર છે. અને વાદીએ પ્રતિવાદીઓ સામે હાલનો તદ્દન ખોટો દાવો તથા મનાઈ અરજી કરી પ્રતિવાદીને ખોટા ખર્ચમાં ઉતારેલ હોય સ્પેશીયલ કોમ્પન્સેટરી કોષ્ટ વાદીઓથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

(૩) બંને પક્ષોની દલીલો સાંભળી, વાદી તરફે આંક–૧૭ થી લેખત દલીલો રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી. જયારે પ્રતિવાદી તરફે તેમના જવાબ મુજબની દલીલો કરવામાં આવેલ છે. અને વાદીના દાવાને સ્પષ્ટ પણે સમય મર્યાદાનો બાધ નડે છે. વાદીના વડવાએ દાવાવાળી જમીન પ્રતિવાદીના વડવાને સને ૧૯૬૦માં વેચાણ આપ દીધા બાદ વાદી ૬૪ વર્ષ બાદ હાલનો ખોટો દાવો લાવેલ છે રેવન્યુ રેકર્ડ જોતા પણ દાવાવાળી જમીન પ્રતિવાદીઓની માલીક અને કબજા ભોગવટાની છે. તે સંજોગોમાં વાદીની મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) સદર અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઠરાવવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીને નાણામાં ન મુલવી શકાય તેવું નુકશાન થવા સંભવ છે?

૪. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયોના જવાબ નીચે મુજબ છે.

૧. ''નકારમા '',

૨. '' નકારમાં '',

૩. '' નકારમાં '',

૪. આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

**મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::-**

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ એક બીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન નિવારવા માટે મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૬) આ કામે બંને પક્ષની દલીલો સાંભળી, કાયદાકીય સ્થિતિ ધ્યાને લીધી, કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. વાદીની રજુઆત મુજબ દાવાવાળી દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના મોજે મેથાણ ના સર્વે નં. ૪૭ વાળી જમીન તેનું ક્ષેત્રફળ ૧૦.૧૮ વાળી જમીન વાદીના વડીલ પુરૂષ કાળુભાઈ ધુળાભાઈ ભાભોરનાઓની માલીકી કબજા ભોગવટાની જમીન આવેલ છે. અને વાદીઓ તેમના સીધી લીટીના વારસદાર છે. અને વાદીઓની સંયુકત માલીકીનો મુળ સર્વે નં. ૪૭ વાળી જમીન ના માલીક અને કબજેદાર છે. સદર કામે વાદીની સંયુકત માલીકીની ખેતીની જમીનમાં વાદીના બાપ દાદાની જાણ બહાર આ કામના પ્રતિવાદીના બાપ-દાદાએ ગઈ તા.૦૨/૦૩/૧૯૬૦ ના રોજ વેચાણની ફેરફાર નોંધ નં. ૩૧૨ તા.૧૫/૦૭/૧૯૬૦ ના રોજ પ્રમાણીત કરેલ છે. તે નોંધની હકીકત જોતા તા.૦૨/૦૩/૧૯૬૦ વેચાણ હકક થી હવજીભાઈ ભાવજીનું નામ દાખલ કર્યુ કોલમ નં. ૩ માં બતાવેલ સર્વે નં. ૪૭ એકર ગુંઠા ૧૦.૧૮ આકાર રૂા.૧૫.૬૫ ની જમીન કાળુ ધુળાના નામે ચાલે છે. તે પૈકી રૂા.૪૦૦/- માં ૨.૦૦ આવેલી છે. તે તકરારી જમીન દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના મોજે ગામ મેથાણના સર્વે નં. ૪૭ પૈકી ૨ તેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦.૯૩.૦૮ વાળી જમીન વાદીઓની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની જમીન આવેલ છે. આ તમામ જમીનમાં આ કામના પ્રતિવાદીઓનો કોઈપણ જાતનો માલીકી, કબજો, ભોગવટો કે લાગ, ભાગ, હકક, હિસ્સો કે ખેડ હકક આવેલ નથી. વાદીની સદર ખેતીની જમીન પ્રતિવાદીઓ બળ અને જુથના જોરે તથા પોલીસના

મેળાપીપણાંમાં મળી જઈને પડાવી લેવા માંગે છે. જેથી દાવો દાખલ કરવાનુ મનાઈ અરજીનુ કારણ ઉત્પન્ન થયેલ છે.

(૭) પ્રતિવાદી તરફે વાદીની સદર હકીકતોનો તેમના દાવા જવાબમાં સ્પષ્ટ પણે ઈન્કાર કરવામાં આવેલ છે. અને એવી હકીકત જણાવે છે કે વાદીના દાવાને ડીલે લેન્ચીસનો બાધ નડે છે. કારણ કે વાદીએ સને–૧૯૬૦ ની સાલમાં રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૩૧૨ ને સને ૨૦૨૪ માં પડકારેલ છે. આમ, ૬૪ વર્ષ બાદ હાલની કાર્યવાહી કરેલ હોય વાદીના દાવાને સમય મર્યાદાનો પણ બાધ નડે છે. નોંધ નં. ૩૧૨ થી દાવાવાળી જમીન પ્રતિવાદીઓના નામે થયેલ છે. અને તે રીતે રે.સ. નં. ૪૭ માંથી પ્રતિવાદીઓની ૭/૧૨ અલગ થઈ તેને રે.સ.નં. ૪૭ પૈકી ૨ આપવામાં આવેલ છે. જેનો ખાતા નંબર ૫૭ છે. જેનુ રેવન્યુ રેકર્ડ વંચાણે લેતા સને –૧૯૬૦ થી વાદીઓ આ વ્યવહારથી સારી રીતે વાકેફ છે. અને ત્યારબાદ વાદીઓએ સને –૧૯૯૯ માં પોતાની બાકી રહેલ જમીનમાં ગુજરનાર મોતીભાઈ કાળુભાઈની વારસાઈ નોંધ નં. ૧૦૯૪ થી કરાવેલ છે. તે વખતે પણ વાદીઓએ સદર વારસાઈ નોંધ સર્ટીફાઈડ થતી વખતે રે.સ.નં. ૪૭ પૈકી ૨ માં તેઓના પિતા મર્હુમ મોતીભાઈ કાળુભાઈનું નામ ચાલતુ ન હોઈ તેમાં કોઈ વારસાઈ કરાવેલ નથી કે તે વારસાઈ નોંધ વખતે પણ નોંધ નં. ૩૧૨ સામે કોઈ કાર્યવાહી કરેલ નથી કે તે સામે કોઈ વાંધો તકરાર કે કોઈ કોર્ટ કાર્યવાહી કરેલ નથી એટલુ જ નહીં પરંતુ મોતીભાઈના પિતા કાળુભાઈ ધુળાભાઈ નાઓની વારસાઈ સને –૧૯૬૫ માં નોંધ નં. ૪૬૫ થી કરવામાં આવેલ છે. તે વખતે પણ તેઓ ધ્વારા કે તેઓના વારસો એટલે કે વાદી નં. ૧/૧ થી ૧/૫ ના પિતા મોતીભાઈ ધ્વારા કોઈ તકરાર કે વાંધો લેવામાં આવેલ નથી. તે સંજોગોમાં સમગ્ર હકીકત વાદીઓની જાણમાં હોવા છતાં સમય મર્યાદામાં કોઈ કાર્યવાહી કરેલ ન હોય તે રીતે પણ સને –૧૯૯૯ થી ગણીએ તો પણ ૨૫ વર્ષ બાદ હાલનો દાવો ડેકલેરેશન અંગેનો કરેલ છે. તે સમય મર્યાદા બહારનો છે. વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબનુ કોઈ કારણ ઉપસ્થીત થયેલ નથી વાદીઓના વડવા કાળુભાઈ ધુળાભાઈ નાઓએ મુળ

રે.સ. નંબર – ૪૭ જેનું ક્ષેત્રફળ ૧૫ એકર ૧૮ ગુંઠા વાળી જમીન પૈકી ૨ એકર ૨૦ ગુંઠા જમીન રૂા.૪૦૦/– માં મૌખીક રીતે પ્રતિવાદીઓના પિતા હવજીભાઈ માવજીભાઈનાઓને વેચાણ આપી જમીનનો કબજો તેઓને સુપ્રત કરવામાં આવેલ જે અંગે રેવન્યુ રેકર્ડે મૌખીક વેચાણની નોંધ નં. ૩૧૨ તા.૦૨/૦૩/૧૯૬૦ ના રોજ પાડવામાં આવેલ છે. અને તે નોંધ તા.૧૫/૦૭/૧૯૬૦ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. અને તે આધારે રે.સ.નં. ૪૭ પૈકી ૨ જેનું ક્ષેત્રફળ ૦.૯૩.૦૮ હે.આરે.ચો.મી વાળી જમીન પ્રતિવાદીઓની માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને ત્યારબાદ તેઓના વારસ તરીકે હાલના પ્રતિવાદીઓ તેના માલીક તથા કબજેદાર થયેલ છે. જે સામે હાલના વાદીઓ કે તેઓના વડવા હોય સદર વ્યવહારને કે વેચાણ વ્યવહારની પડેલ નોંધને સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારેલ નથી કે કદી કોઈ વાંધો તકરાર લેવામાં આવેલ નથી. પરંતું હાલમાં દાવાવાળી મિલ્કતની કિંમત વધતા માત્ર નાણાં પડાવવાના ઈરાદો ૬૪ વર્ષ બાદ હાલનો તદૃન ખોટો દાવો તથા મનાઈ અરજી કરેલ છે. જેથી વાદીને હાલનો દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. જેથી વાદીના દાવા તથા મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. તેવી હકીકત જણાવેલ છે.

(૮) બન્ને પક્ષની રજુઆત સાંભળી, બન્ને પક્ષના પક્ષ નિવેદન તથા રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા, કાયદાની સ્થીતી ધ્યાને લીધી, વાદી ધ્વારા તેમની અરજીમાં દાવાવાળી જમીન વાદીની માલીકી કબજા ભોગવટાની હોય તેમાં પ્રતિવાદી કબજો કરી લેવાની પેરવી કરતા હોય દાવો કરેલ હોવાની હકીકત જણાવે છે જયારે પ્રતિવાદી ધ્વારા દાવાવાળી જમીન વાદીના વડવા કાળુભાઈ ધુળાભાઈએ પ્રતિવાદીના વડવા હવજીભાઈ ભાવજીભાઈને વેચાણ આપી દીધેલ હોય દાવાવાળી જમીના માલીક વારસાઈથી પ્રતિવાદીઓ થયેલ છે. અને દાવાવાળી રે.સ.નં. ૪૭ પૈકી ૨ વાળી જમીન પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં આવેલ છે. તેવી હકીકત જણાવેલ છે. આમ, પ્રતિવાદી તરફે દાવાવાળી રે.સ.નં. ૪૭ પૈકી ૨ વાળી જમીન વાદીની

માલીકી હોવાનો ઈન્કાર કરી પ્રતિવાદીના કબજા ભોગવટાની કબજા ભોગવટાની આવેલ હોવા બાબતે તકરાર લેવામાં આવેલ છે. વાદી ધ્વારા તેમની હાલની અરજીમાં નોંધ નં. ૩૧ ૨ થી સદર વેચાણની નોંધ થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ તે નોંધ વાદીઓના બાપ દાદાની જાણ બહાર પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. સદર નોંધ વાદી તરફે નિ.૩/૫ થી રજુ કરેલ છે. તે જોતા સદર નોંધ ૧૯૬૦ માં પાડવામાં આવેલ છે. અને તે અનુસંધાને વાદીના વડવા કાળુભાઈ ધુળાભાઈની રે.સ.નં. ૪૭ વાળી કુલ ૧૦ એકર ૧૮ ગુઠા જમીન પૈકી ૨ એકર ૨૦ ગુઠા જમીન પ્રતિવાદીના વડવા હવજીભાઈ ભાવજીભાઈને વેચાણ આપેલ હોવાનુ જણાય આવે છે. અને તેટલી જમીન માં પ્રતિવાદીના વડવા હજીભાઈ ભાવજીભાઈનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોવાનું જણાય આવે છે. અને વાદી તરફે રજુ કરેલ ૩/૧૪ ના રે.સ.નં. ૪૭ પૈકી ૨ ના ગામનમુના ૭ તથા નિ.૩/૧૫ થી રજુ કરેલ ગામ નમુના નં. ૧૨ માં પ્રતિવાદીઓના નામ આવેલ હોવાનુ જણાય આવે છે. અને તેનુ ક્ષેત્રફળ જોતા વાદીના વડવાએ વેચાણ આપેલ જમીન જેટલુ જ એટલે કે ૨ એકર ૨૦ ગુઠા (હે.આરે.ચો.મી ૦-૯૩-૦૮) છે. આમ, વાદીના વડવાએ પ્રતિવાદીના વડવાને વેચાણે આપેલ જમીનના રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૨ આપવામાં આવેલ છે. અને તેમાં ઉતરોતર વારસાઈ હકકે પ્રતિવાદીઓના નામ દાખલ થયેલ હોવાનુ જણાય આવે છે. વાદી તરફે વાદીના વડવાની જાણ બહાર સદર રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૩૧૨ પાડવામાં આવેલ હોવાની તકરાર લેવામાં આવેલ છે. પરંતું સદર નિ. ૩/૫ વાળી ફેરફાર નોંધ નં. ૩૧૨ જોતા તેમાં પક્ષકારોએ રૂબરૂ જવાબ આપવાથી નોંધ કરી તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં વાદીના વડવા કાળુભાઈ ધુળાભાઈએ રૂબરૂમાં જવાબ આપવાથી સદર નોંધ પાડવામાં આવેલ હોવાનું જણાય આવે છે. અને સદર કાળુભાઈ ધુળાભાઈએ તેમની હયાતી દરમ્યાન સદર નોંધને કોઈ જગ્યાએ રેવન્યુ ઓથોરીટી સમક્ષ પડકારેલ હોવાનુ જણાય આવતુ નથી તેમજ સદર નોંધ બાદ નોંધ નં. ૧૦૯૪ થી તા.૧૦/૫/૧૯૯૯ ના રોજ વાદીની બાકી રહેલ જમીનમાં વારસાઈ નોંધ પાડવામાં આવેલ છે. જેમાં કાળુભાઈના વારસોના નામ વારસાઈ

હકકે ચઢાવવામાં આવેલ છે તે નોંધ સમયે પણ રે.સ.નં. ૪૭ પૈકી ૨ વાળી જમીન અંગે કોઈ તકરાર લેવામાં આવેલ હોવાનું જણાય આવતુ નથી કે વાદી તરફે તે અંગે કોઈ રજુઆત કરવામા આવેલ નથી તેમજ આ કામે વાદી તરફે સદર નોંધ નં. ૩૧૨ ને આજ દીન સુધી વાદીના વડીલો કે વાદીએ કોઈ રેવન્યુ ઓથોરીટી સમક્ષ પડકારેલ હોય તેવી કોઈ હકીકત વાદી તરફે જણાવવામાં આવેલ નથી તે સંજોગોમાં સદર નોંધ આધારે પ્રતિવાદીઓના વડીલ ના નામે અને ત્યારબાદ ઉતરોતર વારસાઈથી રે.સ.નં. ૪૭ પૈકી ૨ વાળી જમીન પ્રતિવાદીઓના નામે આવેલ હોવાનુ વાદી તરફે રજુ રાખવામાં આવેલ રેવન્યુ રેકર્ડ પરથી જ જણાય આવે છે. અને દાવાવાળી જમીન એટલ ે કે રે.સ.નં. ૪૭ પૈકી ૨ રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામે આવેલ હોવાનુ અને વાદી તરફે રજુ રાખવામાં આવેલ નિ. ૩/૧૫ વાળો ગામનમુના નં. ૧૨ જોતા પ્રતિવાદી તેમાં ખેતી કરતા હોવાનુ અને પ્રતિવાદીના કબજા ભોગવટામાં આવેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીત જણાય આવે છે. તે સંજોગોમાં દાવાવાળી જમીન રે.સ.નં. ૪૭ પૈકી ૨ વાળી જમીન વાદીની માલીકી કે કબજા ભોગવટામાં આવેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાય આવતુ ન હોય તેવા સંજોગોમાં પ્રતિવાદી વાદીનો કબજો છીનવી લેવા માંગતા હોવાનુ પણ માનવાને કારણ રહેતુ નથી તે તમામ સંજોગો ધ્યાને લેતા વાદીનો દાવાવાળી જમીન રે.સ.નં. ૪૭ પૈકી ૨ વાળી જમીનમાં કબજો ભોગવટો ન હોય તે અનુસંધાને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેશ હોવાનું જણાય આવતું નથી.

(૯) હવે જયારે ઉપરોકત ચર્ચા મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ ન હોય ત્યારે મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાણામાં ન મુલવી શકાય તેવુ નુકશાન જતુ હોવાનું પણ જણાય આવતુ નથી. અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી.

(૧૦) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ અપપ્રવેશ કરે કરાવે નહી કે ગેરકાયદેશર કબજો કરે કરાવે નહી

અને વાદીને ખેતી કરતા અટકાવે નહી તે મતલબની દાદ માંગેલ હોય દાવાવાળી જમીન પ્રતિવાદીની માલીકી અને કબજા ભોગવટાની હોવાનું પ્રથમ દર્શનીય રીત જણાય આવતુ હોય રેવન્યુ રેકર્ડમાં પણ પ્રતિવાદીઓના નામ આવેલ હોય તેમજ દાવાવાળી જમીન વાદીની માલીક અને કબજા ભોગવટાની હોવાનું વાદી પ્રથમ દર્શનીય રીત પુરાવાર કરી શકેલ ન હોય તે સંજોગોમાં પ્રતિવાદીઓને તેમની માલીકી અને કબજા ભોગવટાની દાવાવાળી જમીનમાં પ્રવેશ કરતા અટકાવવા ન્યાયના હિતમાં ન હોય અને તેમ કરવાથી પ્રતિવાદીઓને વાદી કરતા વિશેષ નુકશાન જાય તેમ હોય તેવા સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી અને મનાઈ હુકમ ના આપવાથી વાદીને નાણામાં ભરપાઈ ના થાય તેવુ નુકશાન થતુ હોવાનુ પણ જણાઈ આવતુ નથી. તે તમામ સંજોગો ધ્યાને લેતા મુદ્દા નં ૧ થી ૩ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં ૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>-: હુકમ :-</u>

**૧)** વાદીની હાલની આંક-૫ ની વચગાળાની મનાઈ હુકમની અરજી આથી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

**૨)** ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૨૮ મી, માહે-નવેમ્બર, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૮/૧૧/૨૦૨૫
લીમખેડા

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
લીમખેડા
U.Id.code no.GJ01012